## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બાળકો, તમને મોબાઈલનાં વ્યસનમાંથી છોડાવવાનું કામ મને પ્રિન્સિપાલ સાહેબે આપ્યું છે... એ કામ કેમ કરવું એ જાણવા મેં પણ મોબાઈલનો ઉપયોગ શરૂ કર્યો...!!

# સરકારના નિર્ણય સામે એલ.આઈ.સી.ના કર્મચારીઓ આજે એક કલાકની હડતાલ રાખશે

### એલ.આઇ.સી.ના માલિકીપણાના એક હિસ્સાને ખાનગી હાથમાં વેચી દેવાનુ કદમ દેશ હિત વિરુધ્ધનુ પગલુ : એલ.આઇ.સી.ના કર્મચારીઓ આગ બબુલા

ગાંધીનગર તા ૩

એલ આઈ સીનુ શેરબજારમાં લિસ્ટીંગ કરવાનો નિર્ણય લેવાયો છે. એલ આઈ સી માં સરકાર પોતાની માલિકીનો એક હીસ્સો વેંચી દેશે જયારે સરકારનુ આ પગલુ દેશ હિત વિરુધ્ધનુ હોવાના આક્રોશ સાથે એલ આઈ સીના કર્મચારીઓ આજે એક કલાકની હડતાલ કરીને વિરોધ પ્રદર્શિત કરશે.

એલ આઈ સી ના કર્મચારીઓ આજે દેશભરમાં એક કલાકની હડતાલ કરશે.નાણાંમત્રીએ રજુ કરેલા બજેટમાં જાહેરત કરી છે કે એલ આઈ સીનુ શેરબજારમાં લીસ્ટીંગ કરાશે જયારે સરકાર પોતાની માલિકીનો એક હિસ્સો પબ્લીક ઓફર દ્વારા વેંચી દેશે. ઓલ ઈન્ડિયા ઈન્શયોરન્સે સરકારના આ પગલાનો સખત વિરોધ કર્યો છે. હાલમાં ભારત સરકાર એલ આઈ સી માં સો ટકા માલિકી હક્ક ધરાવે છે. એલ આઈ સીના વિમા ધારકોની ઘેરલુ બચત મુડીનુ સર્જન કરી રહ્યુ છે. જયારે આ મુડીનો ઉપયોગ દેશના વિકાસ માટે પણ થાય છે. જયારે એલ આઈ સી નુ આ માતબર પ્રદાન પંચવર્ષીય યોજનાઓ, સામાજિક ક્ષેત્રમાં ૮૦ ટકા સુધીનુ મુડી રોકાણ જે પાછળના ૬૩ વર્ષોથી અવિરત ચાલી રહ્યુ છે. સરકારના પગલાથી મોટો ફટકો પડે તેમ છે. જયારે સરકારનુ આ કદમ દેશહિત વિરોધી હોવાનો રોષ પણ કર્મચારીઓએ વ્યકત કર્યો છે. એલ આઈ સી દેશના જીડી પી ગ્રોથ કરતા ઝડપથી વિકાસ કરી રહ્યુ છે. ચાલુ નાણાંકીય વર્ષના વિતેલા ૬ મીહનામાં એલ આઈ સી અસાધરણ ધંધાકીય વિકાસનો વૃધ્ધિ દર નોંધાવ્યો છે.એલ આઈ સીનો દાવા ચુકવણી દર સમગ્ર વિશ્વમાં એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આવા સંજોગોમાં સરકાર ઘટતી જતી આવકના લીધે નાંણાભીડનો અનુભવ કરી રહી છે ત્યારે એલ આઈ સીમાં સરકાર ખાનગી હાથમાં વેંચી મારવાનુ પગલુ દેશના વિકાસ અર્થે પ્રયોજિત શ્રોતોને ખાનગી કાર્પોરેટ લાભ તરફ વાળી દેવાનુ પગલુ સાબિત થશે. એલ આઈ સી ના કર્મચારીઓ આ પગલાનો સખત વિરોધ કરશે. તા ૪ ફેબ્રુઆરીના રોજ એક કલાકની વોક આઉટ સ્ટ્રાઈક કરવાનુ નક્કી કર્યુ છે. આ નિર્ણયને પડતો મુકવા માટે પણ વિમા કર્મચારીઓએ ઉગ્ર માંગણી કરી છે.



## ખૂણેખાંચરેથી

- એલ.આઈ.સી.ની ઘ-૫ ખાતેની કચેરી તેમજ હોટલ હવેલી નજીક સે. ૧૧માં આવેલ કચેરી ખાતે આજે કર્મચારીઓએ કેન્દ્ર સરકારે તેનો હિસ્સો વેચવાના કરેલી જાહેરાતનો દેખાવો કરી વિરોધ પ્રદર્શન કર્યુ હતુ.
- સે. ૬માં પેટ્રોલપંપથી અપના બજાર સુધીનો સર્વિસ રોડ એ અકસ્માત ઝોન તરીકે ઉભરી રહ્યો છે. આ રોડ પર સત્યાગ્રહ છાવણી તેમજ વાણિજ્ય વિસ્તાર આવેલો છે એટલે ટ્રાફિક પણ વધારે રહે છે.
- લગ્નસરાની ધૂમ વચ્ચે આજે પણ ઘણા બધા કર્મયોગીઓ રજા પર હતા જેથી ઓફિસોની રૂટીન કામગીરી પર તેની વિપરીત અસરો જોવા મળી હતી.
- ગાંધીનગર મનપાની સામાન્ય સભા પછી સભ્યોને નાસ્તાની પરંપરા આજે પણ જોવા મળી હતી.
- ગાંધીનગર શહેરમાં આવેલી જિલ્લાની કચેરીઓમાં પાર્કિંગની સમસ્યા સૌની ચિંતાનો વિષય બનીને ઉભરી રહી છે.

## વાત-વાતમાં.....

- અડાલજ ખાતે ઉત્તરપ્રદેશથી એક મેડીકલ કોલેજની પ્રાધ્યાપિકા અડાલજની વાવ જોવા આવી હતી. આ પ્રાધ્યાપિકા જ્યારે લાઈનમાં ટીકિટ લેવા ઉભી હતી ત્યારે તેમના પર્સની ચેઈન ખુલ્લી રહી ગઈ હતી જેમાંથી તેમના મોબાઈલ ફોનની ચોરી થઈ જવા પામી હતી.
- શહેરમાં ટાઉનહોલ રિનોવેશન માટે બંધ થઈ જતા શહેરની સંસ્થાઓમાં વિવિધ કાર્યક્રમના આગેવાનો માટે મુંઝવણભરી પરિસ્થિતિ ઉભી થવા પામી છે. સંસ્થાઓ દ્વારા કેટલાક સાંસ્કૃતિક કાર્યક્રમો રંગમંચો તથા ખાનગી પાર્ટી પ્લોટોમાં આયોજિત કરવાનો વિકલ્પ અપનાવાઈ રહ્યો છે. પરંતુ નાટક જેવા કાર્યક્રમો યોજવા માટે સે. ૧૨ના ડૉ. આંબેડકર હોલ સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી જે કેટલીક સંસ્થાઓને ખૂબ જ નાનો પડી રહ્યો છે.



આજકાલ જાણે ધરણાં, પ્રદર્શન અને હડતાલની મોસમ ચાલી રહી છે. કોઈને કોઈ મંડળ, કોઈને કોઈ સમાજ અને કોઈને કોઈ વર્ગ ઉપવાસ-આંદોલન પર ઉતરી રહ્યું છે. સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે પ્રદર્શનકારીઓ ઉમટી રહ્યા છે. દિવ્યાંગ અધિકાર મંચ દ્વારા ધરણા પ્રદર્શન યોજી દિવ્યાંગો પોતાના હક્ક અને રોજગારની માંગણી કરી રહ્યા છે.

## ગાંધીનગર જિલ્લા તિજોરી કચેરીના જુનિયર કલાર્ક મિતેષ ડી. કાગલકરનું પ્રદિપસિંહ જાડેજાના હસ્તે સન્માન

ગાંધીનગર જિલ્લા તિજોરી કચેરીના જુનિયર કલાર્ક શ્રી મિતેષ ડી. કાગલકરનું તેમની ઉમદા અને નિષ્ઠાવાન ફરજ પરની સેવા બદલ પ્રજાસત્તાક પર્વ નિમિત્તે દહેગામ ખાતે ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.



રાજય સરકારમાં ઘણીબધી આવકો ઓનલાઇન સ્વીકારવાનું શરૂ થયું છે. ઓનલાઈન આવકોને Cyber Treasury મારફતે સરકારના હિસાબમાં લેવામાં આવે છે. Cyber Treasury ની કામગીરી રાજયમાં ફકત ગાંધીનગર જિલ્લા તિજોરી કચેરી ખાતેથી જ કરવામાં આવે છે. આ જવાબદારીભરી કામગીરી જુનિયર કલાર્ક શ્રી મિતેષભાઈ વહેલી સવારેથી ચાલું કરે છે. રાત્રિના મોડે સુધી આ કામગીરી કરે છે. જેના કારણસર રાજય સરકારના વિવિધ વિભાગો, આવક સંબંધિત જરૂરી નિર્ણયો ફાઇલ ઉપર લઇ શકે છે. રાજયની આવક સમયસર હિસાબમાં આવવાથી સરકારને પણ પોતાની આવકના અંદાજોનો સમયસર ખ્યાલ આવી શકે છે. ચાલુ વર્ષમાં શ્રી કાગલકરે કુલ- ૪૧,૫૦,૫૨૩ ચલનો સિસ્ટમમાં અપલોડ કરી એપ્રુલ કર્યા હતા. જે બદલે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા કક્ષાના દહેગામ ખાતે યોજાયેલ પ્રજાસત્તાક પર્વમાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.



એલઆરડીની મહિલાઓને ભરતીમાં અન્યાય થઈ રહ્યો હોવાનો મામલો દિવસે દિવસે વધુ ને વધુ ચગી રહ્યો છે. સરકાર તરફથી કોઈ હકારાત્મક પ્રત્યુત્તર ન મળતા મહિલા ઉમેદવારોએ આમરણ ઉપવાસ શરૂ કર્યા છે. આ બહેનોના સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવી હતી.

## કચ્છમાં મોડી રાત્રે બે ભૂકંપના આંચકા અનુભવાયાં

છેલ્લા ઘણા સમયથી રાજયમાં અવાર-નવાર ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યાં છે. ત્યારે કચ્છની ધરતી ફરી ગઈકાલે બે વખત ધણધણી ઉઠી હતી. જેને લઈને કચ્છ રહેવાસીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. રવિવારે મોડી રાત્રે બે આંચકા અનુભવાયા હતા. કચ્છમાં ફરી મોડી રાત્રે બે ભૂકંપના આંચકા અનુભવાયાં હતા. જેમાં મોડી રાત્રે ૩.૨૬ વાગ્યે ૨.૨૬ની તીવ્રતાનો આંચકો અનૂભવાયો હતો. જયારે રાત્રે ૩.૪૭ વાગે ૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.



આદીવાસી સમાજે હવે બાંયો ચઢાવી છે. કેટલાક સમાજોને આદિવાસીના પ્રમાણપત્રો આપવાના મામલે દક્ષિણ ગુજરાતના દાહોદ, વડોદરા, આણંદ અને અરવલ્લી જિલ્લાના આંદોલનકારીઓ ગાંધીનગર ઉમટી પડ્યાં છે. તેઓ સાચા આદિવાસી સમાજને હકો આપવાની રજૂઆત કરી રહ્યાં છે.

## કાલુપુર રેલ્વે સ્ટેશન પર પ્રી-પેઈડ પાર્કિંગ સેવા બંધ

અમદાવાદ એરપોર્ટની જેમ કાલુપુર રેલવે સ્ટેશન પર બે વર્ષ પહેલાં શરૂ કરાયેલા પ્રી-પેઈડ પાર્કિંગ બંધ કરી દેવાતાં કોન્ટ્રાક્ટર દ્વારા મોટા પ્રમાણમાં કૌભાંડ થયું હોવાની આશંકા સેવાઈ રહી છે. રેલવે સ્ટેશન પર ૧૫ મિનિટ સુધી પાર્કિંગ ફ્રી કરવામાં આવ્યુ હતું અને ત્યાર બાદ વાહનચાલકો પાસેથી પાર્કિંગ ચાર્જ પેટે ૧૦૦ રૂપિયા વસૂલ કરવામાં આવતા હતા. પ્રી-પેઈડ પાર્કિંગ બંધ થઈ જતાં વાહનચાલકો બેરોકટોક બિન્દાસ રીતે કોઈપણ ચાર્જ આપ્યા વગર વાહનો પાર્ક કરે છે. જેના કારણે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ છે.

કાલુપુર રેલવે સ્ટેશનને હેરિટેજ લુક આપવા માટેની તૈયારીઓ તડામાર ચાલી રહી છે. રેલવે સ્ટેશનનું મોટાભાગનું કામ પૂરું થઇ ગયું છે ત્યારે આવનારા દિવસોમાં હેરિટેજ લુક બનીને તૈયાર થઇ જશે. રેલવે સ્ટેશન પર રોજબરોજ હજારોની સંખ્યામાં લોકો મુસાફરી કરે છે.

# કેન્દ્રીયમંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ અભિનેત્રી પ્રાંજલ ભટ્ટને સન્માનીત કર્યા

ગાંધીનગર, તા. ૩

કેન્દ્ર સરકારના રાજયકક્ષાના મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય અભિનેત્રી પ્રાંજલ ભટ્ટને સન્માનીત કરી તેમની ફિલ્મક્ષેત્ર, સામાજિકક્ષેત્ર અને ભારતીય જનતા પાર્ટીના વિવિધ કાર્યક્રમોને સફળ બનાવવા માટે અદમ્ય ઉત્સાહથી આપેલા યશસ્વી યોગદાનની પ્રશંસા કરી હતી.

રાજધાની નવી દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમા ઉપસ્થિત રહેલા ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય અભિનેત્રી પ્રાંજલ ભટ્ટે કેન્દ્ર સરકારના રાજયકક્ષાના મંત્રીના મંત્રાલયમા જઈને ગુજરાતના મંત્રી પુરૂષોત્તમ રૂપાલાજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

આ પ્રસંગે મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ સામજિક ગુજરાતી ફિલ્મોમાં ઉત્કૃષ્ટ અભિનય કરી દેશવિદેશમા નામના મેળવી ગુજરાતને ગૌરવાન્વિત કરનારા અભિનેત્રી પ્રાંજલ ભટ્ટની એવોર્ડથી સન્માનીત થવા



યશદાયક સિધ્ધીઓને બિરદાવી મોમેન્ટો અર્પણ કરી તેમનું ગૌરવપદ અભિવાદન કર્યું હતું.

ગુજરાતી ફિલ્મોમાં શ્રેષ્ઠ અભિનેત્રીના એવોર્ડ મેળવવા માટે તેમજ પશ્ચિમ બંગાળના સિલીગુરીમા ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયાના નેશનલ બદલ, સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સુંદર કામગીરી માટે અને ભારતીય જનતા પાર્ટીની સંગઠનાત્મક અને ચૂંટણી દરમિયાન સ્ટાર પ્રચારક તરીકે ગૌરવપદ સેવાઓ આપનારા અભિનેત્રી પ્રાંજલ ભટ્ટને અભિનંદન પાઠવી મંત્રી રૂપાલાએ ગૌરવપદ સિધ્ધીઓ મેળવી ગૌરવશાળી ગુજરાતનું ગૌરવ વધારવા માટે શુભકામનાઓ વ્યકત કરી હતી.

# હરિયાળા વૃક્ષો પર જાહેરાત ખોંપવા બદલ સાત હજારનો દંડ વસુલાયો

### રાંધેજા માર્ગ પર ૬૬ વૃક્ષોમાંથી બેનર્સ તેમજ બોર્ડસ દુર કરાયા : હવે શહેરમાં પણ અભિયાન હાથ ધરાશે

ગાંધીનગર તા ૩

વનતંત્ર દ્વારા હરિયાળા વૃક્ષો પર ખિલ્લા ખોંપવા બદલ દંડ વસુલી સહીતના કડક પગલા લેવામાં આવી રહ્યા છે. માણસા રાંધેજા માર્ગ પર આ પ્રકારના ૬૬ જેટલા વૃક્ષોમાંથી જાહેરાતના બોર્ડસ દુર કરાયા છે. જયારે વૃક્ષોના થડીયામાં બોર્ડસ ચિપકાવી ટયુશન કલાસીસ સહીતની વિવિધ જાહેરાત કરતા વેપારીઓ પાસેથી રૂ ૭ હજારનો દંડ વસુલાયો છે.

શહેરમાં હરિયાળા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે શહેર આસપાસના વિસ્તારોમાં પણ વનરાજીનુ પ્રમાણ વધુ છે. એકબાજુ હરિયાળા વૃક્ષોની માવજત અને કટોતીને અનુલક્ષી પર્યાવરણ પ્રેમીઓ વધુ જાગૃત બન્યા છે. જયારે નગરમાં સ્ટ્રીટ લાઇટના થાંભલાથી માંડીને દિવાલો તેમજ જાહેર સ્થળો પર ગમે ત્યાં જાહેરાત ચિપકાવી દેવામાં આવે છે. જેના લીધે નગરના જાહેરમાર્ગો સહીત હરિયાળા વૃક્ષો પણ જાહેરાતનુ માધ્યમ બન્યા છે. હરિયાળા વૃક્ષોની કટોતી થતી હોવાની સાથે વૃક્ષો જાહેરખબરનુ માધ્યમ બનતા પ્રકૃતિ પ્રેમીઓમાં પણ રોષ પ્રવર્તાયો છે. કુમળા વૃક્ષોના થડીયા પર ખિલ્લા ખોંપીને બેનર્સ ચિપકાવી દેવામાં આવે છે. જેના લીધે હરિયાળી પ્રકૃતિને નુકશાન થાય છે. આ સ્થિતિને ધ્યાને લઇ વનતંત્ર દ્વારા છેલ્લા ચાર પાંચ દિવસથી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ અન્વયે માણસા રાંધેજા માર્ગ પરથી હરિયાળા વૃક્ષોમાંથી ખોંપેલા ખિલ્લા દુર કરવા અને બેનર્સ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ દરમિયાન અત્યાર સુધીમાં વનતંત્ર દ્વારા ૬૬ વૃક્ષોમાંથી ખિલ્લા અને નાના બોર્ડસ દુર કરીને ટયુશનના વર્ગોના સંચાલકો સહીત અન્ય વેપારીઓને પણ દંડ કર્યો છે. આ હરકત બદલ કસુરવારો પાસેથી રૂ ૭ હજારનો દંડ વસુલવામાં આવ્યો છે. જયારે આગામી દિવસોમાં આ અભિયાન શહેરના માર્ગો પર હાથ ધરવામાં આવશે. શહેરમાં પણ આ પ્રકારના વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે આ વૃક્ષો પરથી બોર્ડસ દુર કરવા માટે પણ કાર્યવાહી હાથ ધરી જાહેરાત કર્તાઓ પાસેથી દંડ વસુલાશે.

# ગાંધીનગર જિલ્લા મહેસૂલી પરિવારની ચિંતન શિબિર

ગાંધીનગર, તા. ૩

વાહ સર... આપની સાથે કામ કરવાની મજા પડે છે, તેવા જવાબદારી આવતી હોય છે. પરંતુ પોઝીટિવ વિચારધારા સાથે કોઈ પણ કામ કરવાથી સફળતા ચોક્કસ પરની માહિતી ખૂબ સરળતાથી સમજ પડે તેવી રીતે આપવામાં આવી હતી.




ચેતનવંત્તા વાકય થકી ગાંધીનગર જિલ્લાના મહેસુલી પરિવારના સભ્યોને સ્ફૂર્તિમય અને તનાવમુક્ત બનાવવા માટે જિલ્લા કલેકટર કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ ચિતંન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

પરિવાર અને નોકરીએ વ્યકિત જીવનના અવિભાજય અંગ છે, તેવું જણાવી જિલ્લા કલેકટર ર્ડા. કુલદીપ આર્યએ મુક્ત મને મહેસુલી પરિવારના સભ્યો સાથે વાત કરતાં જણાવ્યું હતું કે પરિવાર અને નોકરી વચ્ચેની પાતળી ભેદ રેખા હોય છે. સમય સાથે જીવનમાં દરેક આયામો પર મળે છે. કોઈ વ્યક્તિ પાસે તમામ વિષયનું જ્ઞાન હોતું નથી, પણ એવું કામ કરવાનું થાય ત્યારે તેની સમયમર્યાદાને ધ્યાનમાં રાખો તેમજ કોઈની પાસેથી યોગ્ય માર્ગદર્શન મેળવી લેવું, જેથી સરળતાથી કામ પૂર્ણ થઈ જાય છે. જાણિતા વક્તા મૌલિક સોની અને ગીતાબેન શર્માએ વક્તવ્ય આપ્યુ હતુ.

નિવૃત્ત નિવાસી અધિક કલેકટર એમ.એ. સૈયદે 'ટેનન્સી એન્ડ મેજિસ્ટરિયલ બાબત' વિષય પર મહેસુલી પરિવારને ગણોતધારાની વિવિધ કલમો અને મહેસુલ સંલગ્ન વિવિધ વિષયો

તે ઉપરાંત IROA પર નાયબ મામલતદાર એસ.આર. પટેલ, RFMS પર એન.આઇ. સી.ના ડી.પી.એમ. શ્રી નરિવ શાહ અને IRCMS અંગે એન.આઈ.સી.ના ડી.આઈ.ઓ. અબ્રાહમ વર્ગીસે વિસ્તૃત સમજ આપતું પ્રેઝેન્ટેશન રજૂ કરીને આપી હતી.

આ ચિંતન શિબીરમાં નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા, કલોલ પ્રાંત અધિકારી એ.ડી. જોષી, તમામ મામલતદારો, નાયબ મામલદાર, મહેસુલી કર્મયોગીઓ અને રેવન્યુ તલાટીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ગુજરાત રાજય રમતોત્સવ-૨૦૨૦માં ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ દળનું ગૌરવ

ગુજરાત રાજયના ડાયરેકટર જનરલ શ્રી ટી.એસ.બિસ્ટ (આઇ.પી.એસ.) ના અધ્યક્ષ સ્થાને સમગ્ર ગુજરાત રાજયના રાજયકક્ષાનો રમતોત્સવ-૨૦૨૦ અમદાવાદના પીરાણા, ગુરૂકુળ ખાતે તારીખ : ૨/૨/૨૦૨૦ ના રોજ યોજાયો હતો.

જેમાં ઉત્તર વિભાગમાં (પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા,અરવલ્લી અને ગાંધીનગર) ના આંતરીક વિજેતા હરીફોએ ભાગ લીધેલ હતો.

આ રમતોત્સવમાં ઉત્તર વિભાગ સાથે અન્ય ત્રણ વિભાગોની રાજયકક્ષાની સંયુકત સ્પર્ધાઓ યોજવામાં આવેલ હતી.

આ રમતોત્સવમાં ગાંધીનગર જિલ્લા કમાન્ડન્ટ શ્રી વી.આર.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ સ્ટાફ ઓફિસરશ્રી પ્રદિપસિંહ સોઢા તેમજ મહિલા વોલીબોલ ટીમના મેનેજરશ્રી સી.એમ.પરમાર (ડીવીઝનલ કમાન્ડર) ના અથાગ પ્રયત્નથી સમગ્ર ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાએ અનેરૂ સ્થાન પ્રાપ્ત કરેલ છે.


જેમાં ગોળાફેંકમાં શ્રી હિરલ પટેલ સમગ્ર રાજયમાં તૃતિય સ્થાને રહેલ હતા. જયારે ગોળાફેંક (મહિલા) માં શ્રી શાંતાબેન પ્રજાપતિ પ્રથમ તેમજ કુ. કિંજલ કાપડિયા તૃતિય સ્થાને રહેલ છે.

જયારે આ રમતોત્સવમાં વિશેષ હરીફાઈમાં ગાંધીનગર તેમજ સાબરકાંઠાની સંયુકત મહિલા ટીમે વોલીબોલ સ્પર્ધામાં સમગ્ર રાજયમાં પ્રથમ નંબર રહી ચેમ્પિયન શીપ ટ્રોફી પ્રાપ્ત કરેલ છે તેથી આ રમતોત્સવમાં ગાંધીનગર જિલ્લો અગ્રેસર રહેવા બદલ ખુબ ખુબ અભિનંદન.

આ રમતોત્સવ દરમિયાન ગાંધીનગર જિલ્લાના કલોલ યુનિટ દ્વારા સાંસ્કૃતિક તેમજ કલ્ચર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

ગુજરાત રાજયકક્ષાનો હોમગાર્ડઝ દળમાં યોજાઇ રહેલ આ પ્રથમ રમતોત્સવના મુખ્ય માર્ગદર્શન તેમજ પ્રેરણારૂપ ગુજરાત રાજયના માનનીય ડાયરેકટર જનરલ શ્રી ટી.એસ.બિસ્ટ સાહેબ (આઈ.પી.એસ.) તથા નાયબ કમાન્ડન્ટ જનરલ શ્રી બી.વી.રાણા સાહેબ તથા સમગ્ર રાજયના જિલ્લા કમાન્ડન્ટશ્રીઓએ અભિનંદન સહ મેડલ તેમજ ટ્રોફી આપીને અભિવાદન પાઠવવામાં આવેલ હતા.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં શ્રી વિપુલભાઈ દવે, ઝોનલ અધિકારી અને જિલ્લા કમાન્ડન્ટ, અમદાવાદ ગ્રામ્યની કામગીરી ખુબજ સુંદર રહેલ હતી. જેઓનો ગાંધીનગર જિલ્લા દ્વારા આભાર માનીએ છીએ તથા ખુબ ખુબ અભિનંદન પાઠવીએ છીએ.



જાણીતી સંસ્થાના કર્મચારીઓ દ્વારા ગાંધીનગર વિસ્તારમાં ધાબળા, અનાજ, સ્કાર્ફ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સતત ૧૩મા વર્ષે સંસ્થાના ૨૦થી વધુ કર્મચારીઓ દ્વારા આ વર્ષે શહેરમાં ૨૦૦ નંગ ધાબળા, ૩૦૦ કિલો અનાજ, ૧૦ ડઝન કાનપટ્ટી અને ૧૦૦ જેટલા બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું છે.

## આદિવાસી આંદોલન ઉગ્ર બનશે, ૨૪મીએ હજારો આદિવાસીઓ વિધાનસભાનો ઘેરાવ કરશે

ગાંધીનગર,તા.૩

આદિવાસી અધિકાર બચાવો સમિતિ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે ૧૨ દિવસથી આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. ખોટા આદિવાસી પ્રમાણપત્રો પર લાભ લેનારા લોકો સામે ચાલી રહેલું આ આંદોલન દિવસેને દિવસે વધુ ઉગ્ર બની રહ્યું છે. જો આ મામલે કોઈ ઉકેલ કરવામાં આવશે નહીં તો ૨૪ ફેબ્રુઆરીના રોજ મળનારા બજેટ સત્રના દિવસે ગુજરાતભરમાંથી હજારો આદિવાસીઓ એકઠા થઈને વિધાનસભા ઘેરાવ કરશે. તેમજ આજે અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી સહિત ત્રણથી ચાર ધારાસભ્ય પણ આ આંદોલનમાં જોડાઈ એવી શક્યતા છે.

બીજી તરફ આ જ સત્યાગ્રહ છાવણી ખાતે માલધારીઓ પણ આંદોલન પર બેઠા છે. મૂળભૂત રીતે આદિવાસીઓની અને માલધારીઓની માંગણી સામ-સામી છે. એલઆરડીની ભરતીમા આદિવાસી માલધારીના દાખલા માન્ય કરવા માલધારીઓ આંદોલન કરી રહ્યા છે. તો બીજી બાજુ આ જ માલધારીઓના આદિવાસી તરીકેના દાખલા નામંજૂર કરવા આદિવાસીઓ મેદાને પડયા છે.